

“ત્યાગ આ ઉદાસીનતા, છોડ તારી નીરસતા, ઓ મરીઝ સમજે છે સૌ તને અભિમાની”

આપના માટે વિક્રમ સંવત ૨૦૮૩ શુભ-અશુભ પ્રભાવોના સંગમ જેવું વર્ષ બની રહેશે. એક તરફ ગુરુ અને શનિ કામમાં ઝડપ, લાભ અને સરળતા આપશે, તો બીજી તરફ બારમો રાહુ ખર્ચ, દોડધામ અને બંધનનો અનુભવ કરાવશે. સાડાસાતીનો અંતિમ તબક્કો ચાંદીના પાયે હોવાથી પીડાને બદલે લાભદાયી બનશે અને ૨ જૂન ૨૦૨૭એ તેમાંથી સંપૂર્ણ મુક્તિ મળશે. આ વર્ષનો સાર એટલો જ: ગ્રહો તક આપે છે, સમજદારી તેને સાચવશે.

માનસિક સ્થિતિ: વિચારોની ભીડમાંથી સ્પષ્ટતા તરફ

વર્ષના આરંભે મન ઉચાટ અને અસમંજસથી ઘેરાયેલું રહેશે. એક સાથે અનેક વિચારો ઘૂમરાય અને કયો રસ્તો પકડવો તે નક્કી ન થાય. ૫ ડિસેમ્બરથી બારમો રાહુ બંધાઈ ગયા હોઈએ તેવો અનુભવ કરાવે અને નાની-મોટી અડચણો આવ્યા કરે. ૨૫ જૂન પછી ગુરુની કૃપાથી બેચેની ઘટશે, નિરાશાનાં વાદળો વિખેરાશે અને નવું કામ ઉપાડવાની હિંમત જાગશે. **ધ્યાન, મનોબળ અને સકારાત્મકતા આ વર્ષે આપનું સાચું બળ બનશે.**

આરોગ્ય : નાની બેદરકારી, મોટી તકલીફ

સ્વાસ્થ્ય માટે વર્ષ મધ્યમ રહેશે. **૫ ડિસેમ્બરથી રાહુ પ્રતિકૂળ થતાં ઋતુજન્ય અને વાયરલ બીમારી વારંવાર સતાવે.** ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ગુરુ રોગ સ્થાનમાં હોવાથી આંખ, ગરદન અને ખભાની તકલીફ જણાય તેમજ જૂની બીમારી પર ખાસ ધ્યાન આપવું. ૯ માર્ચથી ૨૬ એપ્રિલ અને ૪ જૂનથી ૨૪ ઓગસ્ટ, આ બંને ગાળામાં પડવા-વાગવા, મચકોડ, ફ્રેક્ચર, આગ અને વીજળીથી સાવધ રહેવું. મોં, દાંત, જડબા, ગળા અને પગની તકલીફ પણ જણાય. ૨૫ જૂન પછી આરોગ્યમાં સુધારો થશે, પરંતુ વજન ન વધે તેની તકેદારી રાખવી.

વ્યાપાર-ધંધો : ગુરુ-શનિનો સાથ, રાહુનો અવરોધ

વેપારી વર્ગ માટે વર્ષ ચડાવ-ઉતારનું છતાં એકંદરે ફાયદાકારક રહેશે. **ચાંદીના પાયાની સાડાસાતી ધંધામાં આવક વધારશે અને મોસમી વેપારમાં અચાનક ઘરાકી નીકળશે.** ૨ જૂન પછી શનિ વધુ સાનુકૂળ બનશે, કર્મચારીઓ અને સંયુક્ત ધંધામાં ભાઈ-ભાંડુઓનો સાથ મળશે. વર્ષારંભથી ૨૪ જાન્યુઆરી અને ૨૫ જૂનથી વર્ષાન્ત સુધી નવી શાખા, નવી યોજના અને દેશ-પરદેશના કામમાં સફળતા મળશે. જો કે ૫ ડિસેમ્બરથી રાહુ કેટલાંક કામોમાં બ્રેક મારશે અને ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન હરીફો મુશ્કેલી સર્જે તથા નફો ઘટે. ૪ જૂનથી ૨૪ ઓગસ્ટ દરમિયાન ઓર્ડરમાં વિલંબ અને નાણાભીડ વચ્ચે પ્રતિષ્ઠા સાચવવી.

નોકરી અને કારકિર્દી : દબાણ વચ્ચે પણ પ્રગતિનો માર્ગ

વર્ષારંભે ૨૪ જાન્યુઆરી સુધી કાર્યક્ષેત્રે સરળતા રહેશે, મહત્ત્વનાં કામ ઉકેલાશે અને સાથીઓનો સહકાર મળશે. પરંતુ ૫ ડિસેમ્બરથી ચાલુ કામ અટકે અને સરળ કામમાં પણ દોડધામ વધે. સગાં કે સાસરી પક્ષમાં નોકરી કરતાં જાતકોએ સંબંધો સાચવવા, ક્યારેક મજબૂરીમાં અપમાન પણ સહન કરવું પડે. રોકડ-હિસાબની જવાબદારીમાં ભૂલ કે ચોરીથી સાવધ રહેવું. ૪ જૂનથી ૨૪ ઓગસ્ટ દરમિયાન કામનો બોજ અને ઈર્ષ્યાળુ સાથીઓની ખટપટ તણાવ વધારે. **૨૫ જૂન પછી ગુરુ-શનિ બંને અનુકૂળ થતાં જાહેર ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે અને મહત્ત્વના નિર્ણયો સરળતાથી લઈ શકશો.**

નાણાકીય સ્થિતિ : આવક વધશે, પણ ખર્ચ દોડશે

આર્થિક રીતે વર્ષ મધ્યમ છતાં સંતોષકારક રહેશે. ગુરુ-શનિની સાનુકૂળતા આવક અને ધનવૃદ્ધિ કરાવશે. પરંતુ **બારમો રાહુ અણધાર્યા ખર્ચ અને બિનજરૂરી ખરીદી કરાવશે,** તેમજ આરોગ્ય અને સરકારી કામ પાછળ નાણાં વપરાશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન હરીફો અને સાસરી-મોસાળ પક્ષના કારણે ખર્ચ વધે. ૧૪ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન જીવનસાથી પાછળ ખર્ચ થાય અને ૪ જૂનથી ૨૪ ઓગસ્ટ દરમિયાન ધંધાકીય નાણાંભીડ જણાય. ૨ જૂન પછી શનિ આર્થિક પ્રગતિમાં મદદરૂપ થશે. **આખું વર્ષ**



આકસ્મિક ખર્ચ માટે અલગ જોગવાઈ રાખવી હિતાવહ રહેશે.

પ્રેમ અને પારિવારિક સંબંધો : શરણાઈના સૂર, સગાંમાં થોડી ચિંતા

પારિવારિક જીવન સુખદ રહેશે અને શનિ ઘરની સુખાકારી વધારશે. વર્ષારંભે અને ૨૫ જૂન પછી ગુરુની કૃપાથી લગ્નોત્સુકોના સગપણ નક્કી થાય, નવદંપતીઓ વચ્ચે સમજણ વધે અને જીવનસાથી સાથેના મતભેદ દૂર થાય. **રિસાયેલા જીવનસાથી સાથે પુનઃમિલન અને સંતાનપ્રાપ્તિના યોગ પણ છે.** ૧૫ મેથી ૧૫ જૂન અને ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન જીવનસાથીના આરોગ્યની કાળજી લેવી. સાસરી-મોસાળ પક્ષમાં બીમારી અને મનદુઃખ, તેમજ ૪ જૂનથી ૨૪ ઓગસ્ટ દરમિયાન ભાઈ-ભાંડુઓ અને પિતૃ પક્ષના વડીલોની ચિંતા રહે.

શિક્ષણ : મહેનતમાં ટીલ નહીં, અતિ આત્મવિશ્વાસ નહીં

ગુરુ-શનિ અભ્યાસમાં લાભ આપશે, પરંતુ રાહુ નક્કી કરેલા આયોજનમાં અડચણ લાવશે. **વધુ પડતો આત્મવિશ્વાસ નુકસાન કરે, માટે છેલ્લી ઘડી સુધી મહેનત ચાલુ રાખવી.** કારકિર્દીનું નિર્ણાયક વર્ષ હોય તો થોડા ગુણ માટે ઝઝૂમવું પડે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન બીજાની ભૂલનો ભોગ ન બનવું, પરીક્ષા સમયે બીમારીથી બચવું અને લાગણીના સંબંધોને અભ્યાસ પર હાવી ન થવા દેવા. વર્ષના આરંભનો અને ૨૫ જૂન પછીનો સમય અભ્યાસ માટે ઉત્તમ છે, તેનો પૂરો લાભ લેવો.

કોર્ટના મામલા : વિવાદથી દૂર, પુરાવા હાથવગા

૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ગુરુ શત્રુ સ્થાનમાં હોવાથી વિરોધીઓ કાનૂની ગૂંચમાં ફસાવવાનો પ્રયાસ કરે. બારમો રાહુ કોર્ટ-કચેરી પાછળ ખર્ચ અને વિલંબ વધારશે. જમીન-મિલકતના વિવાદોમાં પુરાવા સાચવવા અને શક્ય હોય ત્યાં સમાધાનનો માર્ગ અપનાવવો. **૨૫ જૂન પછી ચાલુ કેસોમાં રાહત મળશે.**

સરકારી કામકાજ : હિસાબ ચોખ્ખા, ચિંતા ઓછી

૫ ડિસેમ્બરથી સરકારી-ખાતાકીય કામોમાં ગૂંચવણ વધશે. ઇન્કમટેક્સ, ઈડી કે જીએસટીના ચક્કરમાં ન ફસાવાય તે માટે હિસાબ પારદર્શક રાખવા. સરકારી યોજનાઓના લાભમાં વિલંબ થાય અને દસ્તાવેજોમાં નાની ભૂલ પણ કામ અટકાવે, માટે અરજી કરતાં પહેલાં તમામ કાગળો ચકાસી લેવા. **ઉત્તરાર્ધમાં અટકેલાં કામો ઉકેલાશે.**

પ્રવાસ : પરદેશની તક, રસ્તા પર સાવધાની

દેશ-પરદેશના કામ માટે લાભદાયી પ્રવાસના યોગ છે, પણ બારમો રાહુ ખર્ચ અને દોડધામ વધારશે. ૪ જૂનથી ૨૪ ઓગસ્ટ દરમિયાન વાહન ધીમે ચલાવવું અને પ્રવાસમાં રોકડ તથા કિંમતી સામાન સાચવવો. **વર્ષાન્તે કુટુંબ સાથે આનંદદાયક પ્રવાસ કે ધાર્મિક યાત્રાનો લાભ પણ મળી શકે.**

સ્ટોક માર્કેટ : સમજીને રોકો, સાંભળીને નહીં

ગુરુ-શનિ આવક વધારશે, પરંતુ બારમો રાહુ ઉતાવળિયા સોદામાં નુકસાન કરાવી શકે. કોઈના કહેવાથી કે ટિપ્સના આધારે રોકાણ ન કરવું. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન વાયદા અને ઉધાર લઈને રોકાણ ટાળવું. ૨૫ જૂન પછી લાંબા ગાળાનું તબક્કાવાર રોકાણ ફળદાયી બની શકે. **નફો મળે ત્યારે થોડો ભાગ સુરક્ષિત કરતા રહેવું.** (શીર્ષક પંક્તિ : મરીઝ)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુની અસર :** વર્ષારંભે સપ્તમ સ્થાન (સિંહ રાશિ)માં રહીને **૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી લગ્ન, ભાગીદારી અને કાર્યક્ષેત્રે શુભ ફળ આપશે.** ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન સુધી વક્રી થઈ છઠ્ઠા રોગ-શત્રુ સ્થાન (કર્ક રાશિ)માં જતાં આરોગ્ય, ખર્ચ, હરીફાઈ અને અભ્યાસમાં કસોટી કરાવશે. ૨૫ જૂનથી ફરી સપ્તમ સ્થાનમાં આવતાં દાંપત્ય સુખ, ધંધામાં વૃદ્ધિ અને માનસિક શાંતિ આપશે.

શનિની અસર: ૨ જૂન ૨૦૨૭ સુધી ધન સ્થાન (મીન રાશિ)માંથી પસાર થતાં **સાડાસાતીનો અંતિમ તબક્કો ચાંદીના પાયે ચાલશે, જે કષ્ટને બદલે આવકવૃદ્ધિ આપશે.** ત્યારબાદ પરાક્રમ સ્થાન (મેષ રાશિ)માં પ્રવેશતાં સાડાસાતી પૂરી થશે અને સાહસ, ઉત્સાહ તથા કામમાં સરળતા મળશે.

રાહુની અસર: કારતક વદ બારસ, ૫ ડિસેમ્બર ૨૦૨૬થી રાહુ આપની રાશિ છોડીને બારમા વ્યય સ્થાન (મકર રાશિ)માં પ્રવેશશે. બારમો રાહુ બંધનયોગ સર્જે છે, જે કામમાં અડચણ, અણધાર્યા ખર્ચ, સરકારી ગૂંચવણ અને સાસરી-મોસાળ પક્ષની ચિંતા આપશે. ગુરુ-શનિ જે લાભ આપે તેને સાચવી રાખવાની ચાવી રાહુ સામે આપની સમજદારી પુરવાર થઈ શકે.